**વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત રૂ.૧૦૦.૦૦ લાખ**

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીની જેઓ વિદેશમાં વધુ ઉચ્ચ અભ્યાસ માટે જવા માંગતા હોઇ તેવા વિદ્યાર્થીઓને IELTS & TOEFLના કોચીંગ ક્લાસ શરૂ કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૮/ન.બા-૨/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૫/૦૪/૨૦૧૮.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન
નોંધણી 974
તારીખ 3-4-18
શાખા [illegible]
નોંધણી ક્લાર્કની ટુંકી સહી..........

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૨૦/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ વવસ/ ધિ.વા/ નવીબાબત/વશી.

**પ્રસ્તાવના :-**

આદિજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ વિદેશમાં જઇ ઉચ્ચ અભ્યાસ જે તે લાયકાત મુજબ મેળવી પોતાની કારકિર્દી મેળવી શકે તે માટે વિદેશમાં સારી યુનિવર્સીટી અથવા કોલેજમાં પ્રવેશ મેળવી તેમનું જીવન-ધોરણ ઊંચુ લાવી શકે તેમજ સમાજમાં સારી નામના મેળવી શકે તેમજ આવા વિદ્યાથીને ઉક્ત પરીક્ષા પાસ કરે તો તેમને વિદેશમાં અભ્યાસની સાથે સાથે સારી નોકરી મેળવવા માટે વિપૂલ તકો રહેલી છે. તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીની ભવિષ્યમાં વિદેશમાં સ્થાયી પણ થઇ શકે તેમ છે. પરંતુ આ બાબતે આદિજાતિની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ વિદેશમાં જવા માટે પૂરતી વિગતોના અભાવે જઇ શકતા નથી. અથવા તો નાણાંકીય સવલત ન હોવાના કારણે IELTS & TOEFLના કોચીંગ ક્લાસમાં પ્રવેશ મેળવી શકતા નથી જેથી ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા આવા વિદ્યાથીઓ/વિદ્યાથીનીઓને જરૂરી તાલીમ સાથે તેમને પાસપોર્ટ, વિઝા, વિદેશમાં અભ્યાસ અંગેનું માર્ગદર્શન, ત્યાં હોસ્ટેલમાં પ્રવેશ અંગેનું માર્ગદર્શન સહિત તમામ સુવિધાઓ મળી રહે તેમજ સરકાર માન્ય જે તે દેશની કોલેજ/યુનિવર્સીટીની પ્રવેશ અંગેની વિગતો મેળવી શકે તે બાબતનું માર્ગદર્શન યોગ્ય રીતે અનુભવી સંસ્થાઓ મારફતે મળી રહે તે માટે રૂ.૧૦૦.૦૦/-લાખની નવી બાબતની દરખાસ્તને વંચાણે લીધા ક્રમાંક (૧) થી રજુ કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

D:\gh-3-\G.R-2018-19\PRC-102018-N.B-2-GH-GR.docx

Scanned by CamScanner

(૧૦) આ કામ માટે કોઇ એજન્સી નક્કી કરવાની હોય તો રાજ્ય સરકારે નક્કી કરેલ ધારા ધોરણ મુજબ ટેન્ડર બહાર પાડીને નક્કી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદરઃ૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-બીસીકે ૧૮૭ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને IELTS & TOEFLના કોચીંગ ક્લાસ શરૂ કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિદ્યુત પંડ્યા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R-2018-19\PRC-102018-N.B-2-GH-GR.docx

Scanned by CamScanner